P5110

RAN-2408000603040001

# RAN-2408000603040001

## S.Y.B.Com. (Sem.-III) Examination March - 2026
## Gujarati - AEC (Bhasha Samarthya ane Jivan Kaushal

**Time: 1 Hours ]** **[ Total Marks: 25**

**સૂચના : / Instructions**

(1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fill up strictly the above details on your answer book

Seat No.:

Student's Signature

**પ્ર.1. ટૂંકમાં જવાબ આપો. (કોઈપણ પાંચ)** **10**

1. તદ્ભવ શબ્દ કોને કહેવાય?
2. જોડણીમાં ચોક્સાઈ શાથી જરૂરી છે?
3. વિશેષણ કોને કહેવાય?
4. પરિમાણવાચક વિશેષણ એટલે શું?
5. ક્રિયાવિશેષણ એટલે શું?
6. 'સાહિત્ય' નો ઉત્કૃષ્ટ પ્રકાર કયો છે?
7. 'એક આગિયાને' - કાવ્યના કવિ કોણ છે?

**પ્ર.2. અ. ટૂંકનોંધ લખો. (કોઈપણ એક)** **05**

1. તત્સમ શબ્દની વ્યાખ્યા અને બે નિયમો
2. તદ્ભવ શબ્દની જોડણીના ત્રણ નિયમો

**બ. ટૂંકનોંધ લખો. (કોઈપણ એક)** **05**

1. પ્રશ્નવાચક વિશેષણ અને સાપેક્ષ વિશેષણ
2. સ્વીકારવાચક ક્રિયા વિશેષણ અને સંખ્યાવાચક ક્રિયા વિશેષણ.

**ક. નીચેના કાવ્યનું રસદર્શન કરો (કોઈપણ એક)** **05**

**1. આજ અંધાર**

''આજ અંધાર ખુશબો ભર્યો લાગતો
આજ સૌરભ ભરી રીત સારી;
આજ આ શાલની મંજરી ઝરી ઝરી,
પમરતા પાથરી દે પથારી

આજ ઓ પારથી ગંધને લાવતી,
દિવ્ય કો સિંધુની લહરી લહરી;
આજ આકાશથી તારલા માંહીથી
મ્હેંકતી આવતી શી સુંગંધી!''



P5110

''ક્યાં, કયું પુષ્પ એવું ખીલ્યું, જેહના
મધ મધાટે નિશા આજ ભારી?
ગાય ના કંઠ કો, તાર ના ઝણ ઝણે;
ક્યા થકી સૂર કેરી ફૂવારી?''
હૃદય આ વ્યગ્ર જે સૂર કાજે હતું,
હરિણ શું, તે મળ્યો આજ સૂર?
ચિત્ત જે નિત્ય આનંદને કલ્પતું
આવિયો તે થઈ સુરભિ - પૂર? આજ...
પ્રહલાદ પારેખ

**2. કન્યા વિદાય**

સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઊઘલતી મ્હાલે,
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે,
પાદરે બેસી ફફડી ઉઠતી
ઘરચોળાની ભાત
ડૂસકે ડૂસકે હડસેલાતી
બાળપણાની વાત
પૈડું સીંચતાં રસ્તો આખો
કોલાહલમાં ખૂંપે
શૈશવની ચીતરેલી શેરી
સૂનકારમાં ડૂબે.
જાન વળાવી પાછો વળતો
દીવડો થર થર કંપે
ખડકી પાસે ઉભો રહીને
અજવાળાને ઝંખે
સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઊઘલતી મ્હાલે,
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે,
અનિલ જોષી